# વલસાડ દર્પણ

Valsad 4 December, 2018

**શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુળના વિદ્યાર્થીઓએ જાણી અને માણી વિમાનઘરની વિશેષતાઓ**

# ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓએ મુંબઈ એરપોર્ટ પર જેટ એરવેઝના વિમાનઘરની મુલાકાત લીધી

**વલસાડ**

૧લી ડિસેમ્બર ૨૦૧૮ની સવાર આ તરૂણો માટે કંઈ અનોખી જ ઊગી હતી. શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુળમાં ૧૦માં અને ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતાં ૧૭૦ વિદ્યાર્થીઓ માટે ખાસ મુંબઈના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓ સાથે તેઓના ૧૦ શિક્ષકો પણ હતા. મુંબઈ પહોંચી તેઓ માટે સવારે ૯ થી ૧૨ દરમિયાન કાલીનામાં ખાસ જેટ વિમાનઘરની મુલાકાત યોજવામાં આવી હતી. અહીં તેઓને વિમાનની યાંત્રિક રચના, તેના વિવિધ ભાગો કઈ રીતે આ બધા ભાગોને જોડવામાં આવે છે વગેરે બતાવીને સમજાવવામાં આવ્યું. વળી વિમાનના સફળ ઉડ્ડયન માટે કોકપીટમાં કયા નિયમોનું પાલન કરવામાં આવે છે તે પણ સમજાવવામાં આવ્યું. વિમાનના પાઈલટની ફરજો, પરિચારિકાઓ તથા અન્ય કર્મચારીઓના કાર્ય વિશે પણ તેઓને માહિતગાર કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ વિમાનની યાંત્રિક રચના અને કોકપીટ તો પ્રથમ જ વાર જોઈ હતી, તેઓ માટે આ સંપૂર્ણ અનુભવ અત્યંત જ્ઞાનવર્ધક અને આનંદદાયક બની રહ્યો!







વિમાનઘરની મુલાકાત લીધા બાદ આ વિદ્યાર્થીઓએ નહેરુ સાયન્સ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. અહીં ગ્રહો, તારામંડળ વગેરેનું જે જ્ઞાન તેઓએ પુસ્તકમાં મેળવ્યું હતું તે જાણે તેઓ પર સાક્ષાત છવાઈ ગયું હોય એમ જાયું અને અનુભવ્યું. બ્રહ્માંડની વિસ્તૃત જાણકારી મેળવી તેઓએ છત્રપતિ શિવાજી મહારાજ વાસ્તુ સંગ્રહાલયની મુલાકાત લઈ ભારતનો ભવ્ય ઐતિહાસિક વારસો નિહાળી અનેરો આનંદ માણ્યો. વળી આકર્ષક વર્લી-બાંદ્રા સીલિંકની સફર માણી તેઓનો આ મુંબઈ પ્રવાસ અનોખો અને યાદગાર બની રહ્યો. જ્ઞાન સાથે ગમ્મતના પ્રવાસના આ સુંદર આયોજનમાં વિદ્યાર્થીઓ આનંદિત અને જ્ઞાનસમૃદ્ધ બન્યા!



શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ દક્ષિણ ગુજરાતના જરૂરિયાતમંદ પ્રજાનાં ઉત્કર્ષ માટે શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર એ અભિયાન કાર્યરત છે. તેમાંની શિક્ષણ સેવા અંતર્ગત દક્ષિણ ગુજરાતના ધરમપુર અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તારના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના વિકાસ માટે છેલ્લા દસ વર્ષથી શિક્ષણક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ ગ્રામીણ વિસ્તારમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણની જરૂરિયાત પૂરી પાડવા શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુલ તથા શ્રીમદ્ રાજચંદ્ર વિધાવિહાર નામની બે શાળાઓ અને શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ નામની સાયન્સ કોલેજ કાર્યરત છે. આ ઉપરાંત વિધાર્થીઓને રાહત દરે શૈક્ષણિક સામગ્રીઓ પૂરી પાડવામાં આવે છે તથા શિષ્યવૃત્તિઓ પણ આપવામાં આવે છે.

શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરના ટ્રસ્ટી શ્રી ધવલભાઈ મહેતા આવા પ્રવાસોના વિદ્યાર્થીઓના જીવનમાં યોગદાન વિષે જણાવતાં કહે છે કે, ક્રુઆવા પ્રવાસો વિદ્યાર્થીઓ માટે એક સમૃદ્ધ અનુભવ આપનારા બની જાય છે જે તેઓના દૃષ્ટકોણને વિશાળ બનાવે છે અને ઉચ્ચ સ્વપ્નો જોવા પ્રોત્સાહિત કરે છે. આ બાળકો સમાજના સૌથી અવિકસિત વિભાગમાંથી આવે છે તેથી તેઓની પ્રતિભા વિકસાવવા અને તેઓને ગરીબી અને અજ્ઞાનના ચક્રમાંથી બહાર કાઢવા એક ખૂબ જ સંકલિત અને સંવાદિતા ધરાવતા અભિગમની આવશ્યકતા છે, જે માટેના અમે સતત પ્રયાસો કરીએ છીએ.

માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સ્તરની વિજ્ઞાન શાખાની સ્કૂલ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુળ કરંજવેરી ગામમાં ૭ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવી હતી. અહીં વિદ્યાર્થીઓને લેબોરેટરી, રમતગમત અને નિવાસની સુવિધાઓ સાથે શિક્ષણ આપવામાં આવે છે. વિધાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે કલા ઉત્સવ, ખેલોત્સવ, યોગ શિબિરો, ખાસ નિવાસી રીટ્રીટ, શૈક્ષણિક પ્રવાસો વગેરે કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. પોતાના શ્રેષ્ઠ પરિણામોથી જિલ્લામાં અગ્રેસર રહેવા પામેલ આ શાળા વખતોવખત વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસો, સર્જનાત્મક સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રેરે છે જેથી તેઓ વર્તમાન પ્રવાહોથી માહિતગાર રહે અને આભાર - નિહારીકા રવિયા ઉચ્ચ અભ્યાસ માટે તેઓ પ્રોત્સાહિત થાય. હાલમાં જ અહીં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૮ શાળાઓના, ૯મા થી લઈને ૧૨મા ધોરણ સુધીના વિદ્યાર્થીઓની કુલ મળીને ૫૭ કૃતિઓની રજૂઆત થઈ હતી. આવા પ્રયાસોની એ અસર થઈ છે કે ૧૨મા ધોરણની પરીક્ષા પાસ કર્યા બાદ શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુળના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉં.૨૬., ૧૦૦ થી વધુ એન્જીનીયરીંગ, ૯૦ જેટલા નર્સીંગ કોર્સમાં તો પાંચ વિદ્યાર્થીઓ મેડીકલ અને ડેન્ટલ કોર્સમાં જોડાયા છે!